ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૩-૧-૨૦૨૨, રવિવાર



હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

## આજે મેરેજ સન્ડે : જિલ્લામાં ૩૦૦થી વધુ લગ્નો યોજાશે : ખાનગી વાહનોને તડાકો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જાન્યુઆરી માસમાં લગ્નસરાની સીઝન જામી છે. આજનો રવિવાર તો એક રીતે મેરેજ સન્ડે બની રહેશે. ઘરઆંગણે તેમજ પાર્ટીપ્લોટ અને સમાજવાડીમાં કોરોનાના કારણે સીમીત લોકોની હાજરીમાં લગ્નના અવસર શરૂ થતાં વિવિધ બજારોમાં તેજી જોવા મળી રહી છે. જિલ્લામાં લગ્નો દરમ્યાન જાનૈયાઓને લાવવા-લઈ જવા માટે વાહન ભાડે કરાતાં ખાનગી વાહન ચાલકોને પણ કમાણીની સીઝન ખૂલી છે. જિલ્લામાં પૂરબહારમાં ખીલી ઉઠેલી સીઝનને કારણે ચો તરફ ઢોલ અને શરણાઈના સૂર ગુંજતા થયા છે.

આખોય જિલ્લો આજે જાણે લગ્ન સમારંભમાં વ્યસ્ત હોય તેવી પરિસ્થિતિ જોવા મળવાની છે. જિલ્લામાં લગ્નસરાની સીઝન શરૂ થઈ ત્યાંથી અઢળક લગ્નોના કારણે માર્ગો ઉપર ટ્રાફીકમાં વધારો થયો છે. જિલ્લામાં આજે રવિવારે કેટલીક જ્ઞાતિઓમાં સમૂહ લગ્નો તેમજ ઘર આંગણે પણ અઢળક લગ્નોનાં આયોજન થયાં છે. જેથી એક પરિવારના ઘરે ૪ કંકોત્રીઓ આવી હોય તો ક્યાં જવું ને ક્યાં ન જવું..?? તેવી અવઢવ લગ્નસરાએ ઉભી કરી છે.જિલ્લામાં આજે તા.૨૩ના રોજ લગ્નનાં શુભ મુહૂર્તના કારણે અંદાજીત ૩૦૦થી વધુ લગ્નો યોજાવાના છે જેના કારણે બંન્ને જિલ્લા લગ્નમય બની રહેનારા છે. જિલ્લામાં લગ્નોના કારણે પાર્ટીપ્લોટ તેમજ લગ્ન સ્થળો અગાઉથી બુક થઈ ગયા છે.પરંતુ સીમીત લોકોની હાજરી હોવાથી લગ્નો સાદગીસભર લાગશે.

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વાદળો ગોરંભાતા કમોસમી વરસાદની દહેશત

**આગામી ૨ દિવસના લગ્નના અવસર ઉપર સંકટ**

બાયડ, તા. ૨૨
સાબરકાંઠા-અરવલ્લીમાં ફરી ભર શિયાળે મોસમ બેઈમાન થઈ. સવારથી વાદળો ગોરંભાતા કમોસમી માવઠાની દહેશત વધી છે. આગામી ૨ દિવસ લગ્નના અવસર ઉપર વાદળોના કારણે સંકટ આવ્યુ છે. વાદળછાયા વાતાવરણથી પ્રજા-ખેતીનું આરોગ્ય જોખમાય તેવી દહેશત સેવાય છે.

નવા વર્ષથી કોરોના અને વારંવાર હવામાન પલ્ટાવથી પ્રજા-ખેડૂતો હતાશ થઈ રહ્યા છે. કોરોનાની ત્રીજી લહેરમાં જિલ્લાના ૫ લોકોના મોત સાથે દરરોજ પોઝીટીવ કેસમાં ઉછાળો આવી રહ્યો છે. જ્યારે નવા વર્ષના આરંભે કમોસમી માવઠાથી ખેડૂતો હતાશ થયા પછી ફરી એક વખત કુદરતે ખેડૂતોની કસોટી શરૂ કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લામાં ઠંડી ગાયબ થઈ અને સંકટના વાદળો ઘેરાયા છે. શનિવાર સવારથી હવામાન પલ્ટાવ આવતાં કેટલાક વિસ્તારમાં કમોસમી માવઠું વરસી શકે છે. કમોસમી માવઠાથી જીરૂ, વરીયાળી, બટાટાના પાકને નુકશાન સાથે પાકમાં રોગચાળો વધવાની આશંકા છે.

## બાયડ પોલીસ સ્ટેશનના વહીવટદારોને કયા ઉચ્ચ અધિકારીના આશિર્વાદ

**ખાખી કપડાં પહેરતાં શરમ આવે !! ઉઘરાણામાં માનવતા ભૂલ્યાની લોકચર્ચા**

બાયડ, તા. ૨૨
બાયડ પોલીસ સ્ટેશનમાં બિન ડ્રેસમાં રહેતા વહીવટદારોને કયા ઉચ્ચ અધિકારીઓના આશિર્વાદ છે..!! તેની ચર્ચા શરૂ થઈ છે. બાયડમાં ૧૦ જેટલા દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે પરંતુ પાછલા ૧ મહિનામાં પોલીસ દ્વારા કોઈ પ્રોહીબીશનના ગુના નોંધવામાં આવ્યા નથી. જ્યારે ગૃહ વિભાગ દ્વારા પણ પોલીસ કર્મીઓએ ફરજ દરમ્યાન નિયત કરેલ ખાખી વર્દી ધારણ કરવાની સૂચના છતાં બાયડ પોલીસને તેમાંથી બાકાત રખાયુ છે કે શું !! તેની ચર્ચા છે.




બાયડ પોલીસ સ્ટેશનથી માત્ર ૨૦૦ મીટરના અંતરે દેશી-વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યુ છે જ્યારે ભુખેલ રોડ ઉપરના બુટલેગરો પોલીસના ડર વગર દારૂનો વેપલો કરી રહ્યા છે. જેમાં વહીવટદારોની મહત્વની ભૂમિકા હોવાની ગરમાગરમ લોકચર્ચા સાથે કેટલાક કિસ્સામાં અત્યંત ગરીબ અરદારોને પણ ખંખેરીને પોલીસ ઉઘરાણામાં માનવતા ભુલ્યાના આક્ષેપ થઈ રહ્યા છે. બાયડ પોલીસ સ્ટેશનમાં જ જેટલા કર્મચારીઓની મનમાની, ઉધ્ધત વર્તાવની ફરીયાદ ગાંધીનગર સુધી પહોંચ્યા પછી પણ કોઈ પગલાં ન ભરાતાં પ્રજા અચરજ અનુભવે છે. લાગે છે હવે શોષિત અરજદારો છેલ્લે એ.સી.બી.નું શરણું લેવાનું વિચારી રહ્યા છે.

## સરડોઈમાં દેશી દારૂના દુષણે માજા મૂકતાં રોષ

**પોલીસના હપ્તારાજમાં યુવાધન બરબાદીના પંથે**

સરડોઈ,તા.૨૨
મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં દેશી દારૂના દૂષણે માજા મૂકતાં ગ્રામજનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.પોલીસના હપ્તા રાજમાં ચાલતાં દેશી દારૂના અડ્ડા પરથી છૂટથી દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાના કારણે યુવાધન બરબાદીના પંથે છે.રાસાયણિક ખાતર અને નવસાર અને અખાદ્ય ગોળના ઉપયોગથી તૈયાર કરવામાં આવતા દારૂથી અનેક વ્યાસની મોતના મુખમાં ધકેલાઈ રહ્યા હોવા છતાં પોલીસ તંત્ર તમાશો જોતું હોય તેવી સ્થિતિ છે.

દારૂબંધીના કાયદા અંગે પોલીસ દેખાડો કરતી હોવાથી મોડાસા તાલુકાના ગામડાઓમાં દેશી વિદેશી દારૂના અડ્ડા રાત દિવસ ધમધમી રહ્યા છે.તાલુકાના સરડોઈ ગામે આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન માત્ર નામ પૂરતું અને ખિસ્સા ભરવા માટે બનાવ્યું હોય તેવી સ્થિતિમાં દેશી દારૂની રેલમ છેલ થઈ રહી છે.દારૂડિયા ચકચૂર થઈ ગ્રામજનોની શાંતિ જોખમમાં મૂકી રહ્યા છે.

સ્થાનિક રહીશ હરપાલ સિંહ પુવાર અને અન્ય ગ્રામજનોના જણાવ્યા મુજબ પોલીસ બધું જાણે છે પણ દર મહિને અપાતા હપ્તા ના કારણે કોઈ કાર્યવાહી કરતી ન હોવાથી દારૂડિયા બેફામ બન્યા છે.ગામમાં દારૂના વ્યસન થી મોતનું લીસ્ટ સતત વધી રહ્યું છે છતા પોલીસ નિષ્ક્રિય બની છે. દારૂ પીધેલ લોકો જાહેરમાં અપશબ્દો બોલી ભયનો માહોલ ઉભો કરે છે જેથી રાત્રે બહેન દીકરીઓનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ છે.પોલીસ ને ફોન થી દારૂડિયા ના ત્રાસ બાબતે કોઈ રજૂઆત કરે તો પોલીસ સ્થળ ઉપર જવાના બદલે અરજી આપી દો કહી ગાળિયો કાઢી રહી હોવાથી ત્રાસેલા ગ્રામજનો હવે દારૂના દૂષણ સામે ગાંધી ચિંધ્યા માર્ગે જવાનું વિચારી રહ્યા છે.

## પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સૌથી વધુ ભ્રષ્ટાચારી

**અલવા નજીક ઝેરી કચરાની ડમ્પીંગ સાઈટનો વિરોધ કરનારા પાણીમાં બેસી જાય તેવી વકી : નિર્દોષ ખેડૂતોના નામે પોતાનો સ્વાર્થ સાધ્યાની આશંકા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨
બાયડ તાલુકાના અલવા ગામના સીમાડામાં નરોડા સ્થિત કંપની દ્વારા ઝેરી ડમ્પીંગ સાઈટ ઉભી કરવાનો વિરોધ શરૂ થતાં આવતા શનિવારે લોક સુનાવણી થવાની છે. ત્યારે ડમ્પીંગ સાઈટનો વિરોધ કરનારા પૈકી કેટલાક તત્વોએ પોતાનો સ્વાર્થ સંતોષાઈ જતાં પાણીમાં બેસી જાય તેવી લોક ચર્ચા છે. નિર્દોષ ખેડૂતોએ કોઈના ઉપર વિશ્વાસ રાખ્યા વગર પોતાની રીતે આંદોલન જલદ બનાવવું પડશે અન્યથા સેમલીયા ડમ્પીંગ સાઈડ જેવી જ સ્થિતિ નિર્માણ થઈ શકે છે. તેમાં સામેલ લોકો અલવા ગામની ઝેરી ડમ્પીંગ સાઈટ મુદ્દે કૂદી પડતાં અનેક અટકળો થઈ રહી છે.

બાયડ તાલુકામાં કોઈ વિવાદાસ્પદ બાબત આવે એટલે ચોક્કસ લોકો તેમાં કૂદી પડી પાછલા બારણે તેની કિંમત વસુલતા હોવાના લોક આક્ષેપ વર્ષોથી જાણીતા છે. જ્યારે ભ્રષ્ટ અધિકારીઓની પણ બહુ વગોવાયેલું ભ્રષ્ટ તંત્ર સ્થાનિકો અને ખેડૂતોની વેદનાની પરવા કર્યા વગર ડમ્પીંગ સાઈટને માન્યતા ઉતર્યા પછી લોકચર્ચા એવી છે કે કેટલાકના મોં બંધ કરી દેવામાં આવ્યા છે. જેથી તા. ૨૮ની લોક હોવાથી તેઓ દ્વારા ડમ્પીંગ સાઈટની ખુલ્લી તરફેણ થાય તેવી સંભાવના છે. જ્યારે ડમ્પીંગ સાઈટ






પ્રજાના હિતની પરવા કર્યા વગર ખીસ્સા ભરવાના કારસ્તાન જાણીતા છે. અલવા ગ્રામ પંચાયતના સીમાડામાં ઝેરી કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ મુદ્દે ૩ વર્ષથી સ્થાનિકો વિરોધ કરી રહ્યા છે પરંતુ આપવા તલપાપડ થતાં આગામી તા. ૨૮ જાન્યુઆરીએ સ્થળ ઉપર લોક સુનાવણી થવાની છે. ત્યારે ડમ્પીંગ સાઈટના વિરોધમાં સ્થાનીક પંચાયત, ૧૬ ગામના ખેડૂતો-વર્તમાન-પૂર્વ ધારાસભ્યો મેદાનમાં સુનાવણી દરમ્યાન સ્થાનિકોએ જ પોતાની પેઢીને બચાવવા જંગમાં ઝંપલાવવું પડશે. જ્યારે ગુજરાત પોલ્યુસન નિયંત્રણ બોર્ડ માટે આવી ડમ્પીંગ સાઈટ સોનાના ઈંડા આપતી મરઘી સમાન બનવાની સામે મોટો વિરોધ ન થાય તે માટે ધનસુરા-બાયડ વિસ્તારના ૬ જેટલા મળતીયાઓને કામગીરી સોંપ્યાની ગરમાગરમ લોકચર્ચામાં કેટલું તથ્ય છે તે તા. ૨૮ જાન્યુઆરીએ જાહેર થશે.


## પ્રાંતિજના મજરા-તલોદ રોડ ઉપર વિજવાયર પડતા છ વર્ષના બાળકનુ મોત

**બાઇક ઉપર જઇ રહેલ પરિવાર ઉપર વિજવાયર પડતા વીજ કરંટ થી છ વર્ષ ના બાળક નુ મોત : વીજ વાયર ટુટી ને નીચે પડતા પરિવાર બાઇક સાથે નીચે પટકાયો**

પ્રાંતિજ તા.૨૨
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા-તલોદ રોડ પુનાદરા નકળંગ આશ્રમ પાસે બાઈક ઉપર જઈ રહેલ દહેગામ ના મામાપરના પરિવાર ને અકસ્માત નડયો જીવન વિજવાયર પડતા છ વર્ષ ના બાળક નુ મોત નિપજયુ હતુ

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના મામાપરના ગામે રહેતો પરિવાર પતિ પત્ની ને બે બાળકો સાથે બાઈક ઉપર પ્રાંતિજ તાલુકાના પુનાદરા ખાતે લગ્ન પ્રસંગ મા પોતાના બાઈક નંબર ૨૪૦૯૬એ૧૯૧૪ ઉપર આવતા હતા તે દરમ્યાન મજરા-તલોદ રોડ પુનાદરા નકળંગ આશ્રમ પાસે પોહચતા રોડ ઉપર થી પ્રસાર થઈ રહેલ ૧૧ કેજી જ્યોતિ ગ્રામ નો વિજ વાયર ટુટી પડતા બાઈક ઉપર જઈ રહેલ પરિવાર ઉપર પડયો હતો જેમા બાઈક આગળ બેઠેલ છ વર્ષ ના રુદ્ર ના માથા ના ભાગે તથા છાતી ના ભાગે વિજ વાયર પડયો હતો તો વિજ વાયર પડતા બાઈક ફંગોળાઈ જતા બાઈક ઉપર જઈ રહેલ પરિવાર ના ચારેય સભ્યો રોડ ઉપર પડી ગયા હતા તો સામેથી આવી રહેલ ટ્રબો નુ ટાયર બાઈક





ઉપર ફરી વળ્યુ હતુ તો વિજ વાયર ને લઈ ને વીજ કરંટ લાગતા આગળ બેઠેલ રુદ્ર નુ ધટના સ્થળે જ મોત નિપજયુ હતુ તો તેના પિતા ભાઈલાલ બાબુલાલ ઠાકોર , તેની માતા કાજલબેન ભાઈલાલ ઠાકોર તથા તેના ભાઈ ને સામાન્ય ઈજાઓ પોહચી હતી તો અકસ્માત બાદ તાત્કાલિક ઈકોકાર મા રુદ્ર સહિત તેના માતા-પિતા ભાઈ ને તલોદ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા પણ હાજર તબીબી દ્વારા રુદ્ર ને મૃત જાહેર કર્યો હતો ત્યારે મને રોડ ઉપર ૧૧કેજી જ્યોતિ ગ્રામ વિજવાયર ટુટતા હાલતો પરિવારે પોતાનો વ્હાલ છૌયો ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે વિજકંપની ની બેદરકારી કે આળસ પણ હાલતો વિજવાયર ટુટવાને લઈ ને પરિવારે પુત્ર ગુમાવ્યો છે તો પ્રાંતિજ પોલીસ ને અકસ્માત અંગે ની જાણ થતા તાત્કાલીક પ્રાંતિજ બીટ જમાદાર માનસિંહ તથા પોલીસ સ્ટાફ ધટના સ્થળે દોડી આવ્યો હતો અને ભાઈલાલ ભાઈ બાબુલાલ ઠાકોર ની ફરીયાદ ને લઈ આગળ ની કાયદેસર કાર્યવાહી હાથધરી હતી

**ગામડામાં મોકલાતી ટપાલો અદ્રશ્ય, વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં**

## જિલ્લાની ૫૧ બ્રાન્ચ પોસ્ટ ઓફીસમાં કર્મચારીઓની ઘટથી કામગીરીને અસર

**લાયસન્સ, પાસપોર્ટની કામગીરી સોંપી પણ કર્મચારીઓની કાયમી ઘટ પુરાતી નથી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પોસ્ટ ઓફીસમાં કાયમી રૂટીન કામગીરી સાથે વિભાગના માથે લાયસન્સ તેમજ પાસપોર્ટની કામગીરી થોપવામાં આવી છે પરંતુ બંન્ને જિલ્લાની કુલ-૫૧ બ્રાન્ચ પોસ્ટ ઓફીસ પૈકી મોટાભાગની બ્રાન્ચ પોસ્ટ ઓફીસમાં કર્મચારીઓની કાયમી ઘટથી કામગીરીને માઠી અસર થઈ રહી છે. કર્મચારીઓની ઘટના કારણે બ્રાન્ચ પોસ્ટ ઓફીસોમાં સ્પીડ પોસ્ટ, બચત ખાતા, સ્ટેમ્પ સહિતની કામગીરીની અરજદારોનો સમય વેડફાઈ રહ્યો છે. તાલુકા મથકોએ તો ટપાલનું વિતરણ થાય છે પરંતુ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં મોકલાતી ટપાલો વહેંચાતી જ નથી. વિભાગ સમક્ષ જાગૃત નાગરિકોએ રજૂઆતો કરી છતાં વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવો ઘાટ જોવા મળ્યો છે.

જિલ્લામાં પોસ્ટ ઓફીસની કામગીરીને વધુ ઝડપી બનાવવાના આશય સાથે સ્પીડ પોસ્ટ શરૂ કરવામાં આવી હોવા છતાં કેટલાય વિસ્તારોમાં સમય મર્યાદા કરતાં પણ વધુ વિલંબથી ટપાલ વિતરીત થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જ્યારે વિધવા સહાય પેન્શન પણ પોસ્ટમાં સમયસર જમા થતાં ન હોવાથી વૃદ્ધ મહિલાઓ રોજ બ્રાન્ચ પોસ્ટ ઓફીસોના ધરમધક્કા ખાઈ રહી છે. વર્ષોથી પોસ્ટ ઓફીસ દ્વારા બચત ખાતાં તેમજ સ્ટેમ્પ ખરીદી સહિતની કામગીરી માટે પ્રજાજનોને જે તે બ્રાન્ચ પોસ્ટ ઓફીસો ઉપર વધુ ભરોસો રહ્યો છે પરંતુ પાછલા કેટલાક વર્ષોથી પ્રજાજનોનો ભરોસો પોસ્ટ વિભાગ તરફથી ઉઠવા લાગ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૫૧ બ્રાન્ચ પોસ્ટ ઓફીસમાં ઘણા લાંબા સમયથી કર્મચારીઓની ઘટ પૂરવામાં આવી નથી જેથી કામ અર્થે આવતા અરજદારોને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. એક તરફ રાજ્ય સરકારે લાયસન્સ તેમજ પાસપોર્ટ સહિતની કામગીરી પોસ્ટ ઓફીસના માથે થોપી બેસાડી છે અને કર્મચારીઓની ઘટ પણ પૂરવામાં આવતી ન હોવાથી બ્રાન્ચ પોસ્ટ ઓફીસના રૂટીન કામકાજને માઠી અસર થવા લાગી છે. જિલ્લાની કેટલીક બ્રાન્ચ પોસ્ટ ઓફીસોમાં કર્મચારીઓની ઘટના કારણે કેટલાક કાઉન્ટરો બંધ રાખી તેની કામગીરી અન્ય કાઉન્ટરને ફાળવવામાં આવતી હોવાથી અરજદારોની ઓફીસમાં ભીડ જામતી હોય છે. જ્યારે બચત ખાતામાં એન્ટ્રી પડાવવા કે પછી નાણાં જમા કરાવવા પણ અરજદારોને ધોખવું પડતું હોવાની ફરિયાદો સામાન્ય બની છે. ટૂંકમાં જિલ્લાની બ્રાન્ચ પોસ્ટ ઓફીસોમાં કર્મચારી ઘટના કારણે હાલાકીની સ્થિતિ જોવા મળી રહી છે.

## જીપીએસસીની સીધી સ્પર્ધાત્મક પરીક્ષામાં શૈલેષભાઈ પ્રજાપતિની મામલતદાર તરીકે પસંદગી

**ગુજરાત સિવિલ સેવામાં મહેસુલી અધિકારી સંવર્ગની ખાસ સીધી ભરતીમાં ૨૨ મા ક્રમે પસંદગી**

બાયડ, તા. ૨૨
જી.પી.એસ.સી. દ્વારા ગુજરાત સિવીલ સેવામાં મહેસુલી અધિકારી સંવર્ગ માટે ખાસ સીધી ભરતી સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ જેનું પરીણામ જાહેર થતાં ગાંધીનગર મહેસુલ વિભાગના નાયબ મામલતદાર શૈલેષભાઈ બી. પ્રજાપતિ (પુરૂષોત્તમનગર, હિંમતનગર) સમગ્ર રાજ્યમાં ૨૨ મા ક્રમે મામલતદાર તરીકે ઉત્તિર્ણ થઈ સમસ્ત પ્રજાપતિ સમાજનું ગૌરવ વધાર્યુ છે.



સારા વહીવટી અધિકારી સાથે શ્રેષ્ઠ લેખનનો જીવ એટલે શૈલેષભાઈ પ્રજાપતિ... ગરીબ અરજદાર માટે જાતે જ ઉભા થઈ કામ પુરૂ ન થાય ત્યાં સુધી જંપીને બેસવું નહી તેવો ગુરૂમંત્ર જીવનમાં અમલી બનાવ્યો. આખરે હજારો અરજદારોના આશિર્વાદ તેમને ફળ્યા હોય તે રીતે તાજેતરમાં નાયબ મામલતદાર કક્ષાના અધિકારીઓને માનલતદાર તરીકે પસંદ કરવાની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ અને રાજ્યમાં ૨૨ મા ક્રમે ઉત્તિર્ણ થઈ ટૂંક સમયમાં જ મામલતદાર તરીકે પોસ્ટીંગ થશે. શૈલેષભાઈ પ્રજાપતિની મામલતદાર કક્ષાના અધિકારી તરીકે પસંદગી થતાં હિંમતનગર સરકારી બહુમાળી ભવનના કર્મચારીઓમાં પણ ખુશાલી છવાઈ છે.

## પાલનપુર નર્સિંગ સ્કૂલમાં સદનસીબે મોટી દુર્ઘટના ટળી

પાલનપુર તા.
પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આવેલી નર્સિંગ સ્કુલની લિફ્ટ અચાનક તૂટી પડતાં લિફ્ટમાં સવાર યુવતીઓને સામાન્ય ઈજાઓ થઈ હતી.

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્કુલ આવેલી છે. જે બહુમાળી બિલ્ડીંગમાં કાર્યરત લિફ્ટ હાલમાં બંધ હાલતમાં હતી. લિફ્ટ બહાર નોટિસ મારી લિફ્ટનો ઉપયોગ ના કરવા પણ જણાવાયું હતું. પરંતુ આ લીફ્ટમાં આજે બીજા માળેથી નર્સિંગ કરતી ૧૩ છાત્રાઓ સવાર થઈ હતી. ત્યારબાદ લિફ્ટ બીજા માળેથી ગ્રાઉન્ડ ફ્લોર પર પછડાઈ હતી. લિફ્ટ તૂટવાની ઘટનામાં યુવતીઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.પહેલાં સિવિલ તંત્રએ આ ઘટનામાંથી ચોક્કસ સબક લેવો જોઈએ. પાલનપુર સિવિલ હોસ્પિટલ સ્થિત નર્સિંગ સ્કૂલની લિફ્ટ તૂટી પડતા તાત્કાલિક સિવિલ તંત્ર દ્વારા છાત્રાઓ ને બહાર કાઢવામાં આવી હતી.





### હુંજ ગામે પંખીઘર પરબડીના સ્થળે સત્સંગ મેળાવડો યોજાયો

હુંજ જગતપુર ખેતર સિમાડે વન્ય પશુપખી ઓ અને ગામના છુટા ફરતા પશુઓ ને ઘેટા બકરાઓ માટે સદગુરુ જેસિંગબાપા સત્સંગ મંડળ તરફ આ સ્થાને બનેલ હવાડા ની બાજુમા હુંજ ના પંચાલ જયંતિભાઈ ને તેમના પરિવાર દ્વારા સ્વ. મજુલાબેનના સ્મણાર્થે પંખીઘર બનાવી વકતાપુરના લાલજીમહારાજનો સત્સંગ મેળાવડો યોજાયો હતો ને ગામજનોએ સત્સંગ નો લાભ લીધો હતો ..

## દાંતીયા ગામે ૨ પશુ, વાહનની બેટરી ચોરનાર તસ્કર ઝડપાયો

**ચોરીના અન્ય ભેદ ઉકેલાવવાની સંભાવના**

બાયડ, તા. ૨૨
પોશીના તાલુકાના દાંતીયા ગામે ૨ પશુ તેમજ વાહનની બેટરી ચોરી જનાર રાજસ્થાનના તસ્કરને પોલીસે ઝડપી લીધો છે. એક જ ગામમાંથી રૂ. ૧૯,૦૦૦ની મત્તા ચોરી જનાર તસ્કરની આગવી ઢબે પૂછપરછમાં ચોરીના અન્ય ભેદ ઉકેલાવવાની સંભાવના છે. બનાવ અંગે પોશીના પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પોશીના પોલીસ સ્ટેશનની હદમાં છેલ્લા કેટલાક સમયથી પશુ તકરી અને સીમ ચોરીના બનાવો વધી ગયા છે. ઘરફોડ ચોરીમાં સરહદી રાજસ્થાનની ગેંગ સક્રીય થયાની આશંકા વચ્ચે પોશીના પોલીસ સ્ટેશનની હદના દાંતીયા ગામે ભેરાભાઈ કાળાભાઈ બુબડીયા અને સાયબાભાઈની માલિકીનાં ૨ પશુ ચોરાઈ ગયાં હતાં જ્યારે બાબુભાઈ ગમારના ટ્રેક્ટરની પણ કોઈ તસ્કર બેટરી ચોરી ગયા હતા જે અંગેની પોલીસ તપાસમાં રાજસ્થાનના કોટડા છાવણીના નવાવાસણા જીતુ હથીયાની પોલીસે અટકાયત કરી પૂછપરછ કરતાં ૨ પશુ તેમજ વાહનની બેટરી ચોર્યાનો ગુનો ભૂલી લીધો છે.